# ભાવનગર મહાનગરપાલિકા

## એસેસમેન્ટ વિભાગ

ઘરવેરાના ચિત્ર-ફુલસર વોર્ડમાં સમાવિષ્ટ મિલ્કતોના રી-સર્વે આકરણી દરમિયાન આવેલ ખુલ્લા પ્લોટોની આકારણી બાબતની

**જાહેર નોટીસ**

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા ધ જી.પી.એમ.સી. એક્ટના પ્રકરણ-૮ ની અનુસુચી (ક) ની કલમ-૨૧ અન્વયે પૂર્ણ કરવામાં આવેલ ઘરવેરાના ચિત્રા-ફુલસર વોર્ડની રી-સર્વે આકારણી સામે સંબધિત મિલ્કત-ધારકોને કોઇ વાંધો હોય તો તે તા.૧૫.૧૦.૨૦૨૪ સુધીની સમય-મર્યાદામાં રજુ કરવા માટે તા. ૦૮.૦૮.૨૦૨૪. ની જાહેર નોટીસથી જણાવવામાં આવેલ. જે મુદતમાં અંતિમ તક સ્વરૂપે વધારો કરતાં તા.૩૦.૧૧.૨૦૨૪ સુધીની સમય-મર્યાદા નિયત કરવામાં આવેલ છે. જે ધ્યાને લઈ સંબધિત વિસ્તારમાં આવેલ ખુલ્લા પ્લોટના મિલકતધારકો કે જેઓને સ્થળ પર સર્વે ફોર્મ તથા નિયમ ૧૫(૨)૨૦(૨) ની નોટીસ મળેલ નથી તેઓને આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી ભાવનગર મહાનગરપાલિકાની મુખ્ય ઓફિસ ખાતે આવેલ એસસમેન્ટ વિભાગ, ચોથો માળનો રૂબરૂ સંપર્ક કરી આકારણીની નોટીસ કે સર્વે ફોર્મ મેળવવી લેવા અનુરોધ કરવામાં આવે છે. વાંધા અરજી સિવકારવાની અંતિમ તારિખ બાદ આવા ખુલ્લા પ્લોટોના મિલકતધારકોને તેઓની થયેલ મિલકતની આકારણી સામે કોઇ વાંધો રજુ કરી શકશે નહીં કે મહાનગપાલિકા દ્વારા સિવ્કારવમાં આવશે નહી જેની સંબંધકર્તા તમામે ખાસ નોંધ લેવાની રહેશે.

સહી. (અવાચ્ય)
કમિશનર
ભાવનગર મહાનગરપાલિકા

તા.